सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૨ /૦૮ /૨૦૨૨ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૨ /૦૮ /૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૧૮/૦૩/ ૨૦૨૬ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૩** | **૦૬** | **૨૪** |

**મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,**
**એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ–૧૮/૦૩/૨૦૨૬**

**<u>સેશન્સ કેસ નંબર–૩૨/૨૦૨૨.</u>**

**આંક – ૧૦૫**

**ઉનાવા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૮૨૧૦૬૨૯ (ઉનાવા ફ. ૨૦/૨૦૨૧) થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૨, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ..**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્વાન એડિ. પી.પી.શ્રી જે. બી. રાજપુત.** |
| **આરોપીઃ–** | **૧.પરબતજી ઉર્ફે પીન્ટુ S/o** રણજીતજી રૂપસંગજી **ઠાકોર,** ઉ.વ.આ.– ૨૦, રહે.– ઈલમપુર, ૬૦ ઘર ઉંચાળો ઠકોરવાસ, તા.જી.– પાટણ. |
| **આરોપીઓ તરફે** | **વિદ્વાન વકીલ શ્રી આર. એફ. ઠાકોર.** |

**ગુન્હાનો ચાર્જઃ–** **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૬, ૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ...**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૨૩–૦૯–૨૦૨૧ |
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૨૫–૦૯–૨૦૨૧ |
| ચાર્જશીટની નકલઃ– | ૨૬–૦૧–૨૦૨૨ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૧૫–૦૫–૨૦૨૩ |
| પુરાવો લીધા તારીખઃ– | ૨૩–૦૨–૨૦૨૬ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૦૬–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ––––– |

| નંબર | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો કોડ ની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દર. અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **પરબતજી ઉર્ફે પીન્ટુ S/o રણજીતજી રૂપસંગજી ઠાકોર,** | ૨૬–૦૯–૨૧ | ૨૦–૧૦–૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૯૪, ૩૯૬,૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.. | **નિર્દોષ** | –– | ૨૪ દિવસ |

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૨ /૦૮ /૨૦૨૨ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૨ /૦૮ /૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૧૮/૦૩/ ૨૦૨૬ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૩** | **૦૬** | **૨૭** |

**મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,**
**એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ– ૧૮ /૦૩/૨૦૨૬**

**સેશન્સ કેસ નંબર–૩૩/૨૦૨૨.**

**આંક –**

**ઉનાવા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૮૨૧૦૬૨૯**

| | |
|---|---|
| **(ઉનવા ફ. ૨૦/૨૦૨૧) થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ..** | |
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્વાન એડિ. પી.પી.શ્રી જે. બી. રાજપુત.** |
| **આરોપીઃ–** | **૧. લાલાજી S/o જગાજી સદાજી ઠાકોર,**<br>ઉ.વ.આ.– ૨૦,<br>રહે.– ઈલમપુર, ૨૦ ઘર, ઠાકોરવાસ,<br>તા.જી.– પાટણ.<br>હાલ રહે.– ઈલમપુર, ગુંચરનો આંટો,<br>ધરમપુરની બાજુમાં,<br>જલાજીના બોર નજીક,<br><br>**૨. વિપુલજી S/o શિવાજી નાનાજી ઠાકોર,**<br>ઉ.વ.આ.– ૨૪,<br>રહે.– ઈલમપુર, ૨૦ ઘર, ડેરી નજીક,<br>ઠાકોરવાસ,<br>તા.જી.– પાટણ.<br><br>**૩. કમલેશજી S/o ગમાજી ધુળાજી ઠાકોર,**<br>ઉ.વ.આ.– ૩૫,<br>રહે.– ઈલમપુર, ૬૦ ઘર, ઠાકોરવાસ,<br>તા.જી.– પાટણ.<br><br>**૪. ઠાકોર દશરથજી દેવુજી લાખુજી,**<br>ઉ.વ.આ.– ૩૨,<br>રહે.– ઈલમપુર, ૬૦ ઘર, ડેરીની સામે,<br>ઠાકોરવાસ,<br>તા.જી.– પાટણ. |
| **આરોપીઓ તરફે** | **વિદ્વાન વકીલ શ્રી આર. એફ. ઠાકોર.** |

**ગુન્હાનો ચાર્જઃ–** **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૬, ૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ..**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૨૩–૦૯–૨૦૨૧ |

| | |
|---|---|
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૨૫–૦૯–૨૦૨૧ |
| ચાર્જશીટની નકલઃ– | ૨૨–૦૮–૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૧૫–૦૫–૨૦૨૩ |
| પુરાવો લીધા તારીખઃ– | ૨૩–૦૨–૨૦૨૬ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૦૬–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ––––– |

| નંબર | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો કોડ ની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દર. અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **લાલાજી S/o જગાજી સદાજી ઠાકોર** | ૨૬–૦૧–૨૨ | ૦૭–૦૨–૨૨ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૯૪, ૩૯૬,૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.. | **નિર્દોષ** | –– | ૧૨ દિવસ |
| ૨. | **વિપુલજી S/o શિવાજી નાનાજી ઠાકોર,** | ૨૬–૦૧–૨૨ | ૦૭–૦૨–૨૨ | " " " | **નિર્દોષ** | –– | ૧૨ દિવસ |
| ૩. | **કમલેશજી S/o ગમાજી ધુળાજી ઠાકોર,** | ૨૬–૦૧–૨૨ | ૦૭–૦૨–૨૨ | " " " | **નિર્દોષ** | –– | ૧૨ દિવસ |
| ૪. | **ઠાકોર દશરથજી દેવુજી લાખુજી,** | ૦૧–૦૨–૨૨ | ૧૪–૦૨–૨૨ | " " " | **નિર્દોષ** | –– | ૧૩ દિલસ |

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭ /૦૩ /૨૦૨૨ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭ /૦૩ /૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૧૮/૦૩/ ૨૦૨૬ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૪** | **૦૦** | **૧૧** |

**મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,**
**એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ–૧૮/૦૩/૨૦૨૬**

**<u>સેશન્સ કેસ નંબર–૩૪/૨૦૨૨.</u>**

**આંક –**

**ઉનાવા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૮૨૧૦૬૨૯ (ઉનવા ફ. ૨૦/૨૦૨૧) થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્વાન એડિ. પી.પી.શ્રી જે. બી. રાજપુત.** |
| **આરોપીઃ–** | **૧.પરબતજી ઉર્ફે પીન્ટુ S/O રણજીતજી રૂપસંગજી ઠાકોર,** ઉ.વ.આ.– ૨૦,<br>રહે.– ઈલમપુર, ૬૦ ઘર ઉંચાળો ઠકોરવાસ,<br>તા.જી.– પાટણ. |
| **આરોપીઓ તરફે** | **વિદ્વાન વકીલ શ્રી આર. એફ. ઠાકોર.** |

**ગુન્હાનો ચાર્જઃ–** **-ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૬, ૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ...**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૨૩–૦૯–૨૦૨૧ |
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૨૫–૦૯–૨૦૨૧ |
| ચાર્જશીટની નકલઃ– | ૦૮–૦૪–૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૧૫–૦૫–૨૦૨૩ |

| | |
|---|---|
| પુરાવો લીધા તારીખઃ– | ૨૩–૦૨–૨૦૨૬ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૦૬–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ----- |

| નંબર | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો કોડ ની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દર. અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **પરબતજી ઉર્ફે પીન્ટુ S/o રણજીતજી રૂપસંગજી ઠાકોર,** | ૨૬–૦૯–૨૧ | ૨૦–૧૦–૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૯૪, ૩૯૬,૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.. | **નિર્દોષ** | -- | ૨૪ દિવસ |

## --// જ જ મે ન્ટ //--

(૧).. સદર ત્રણેય કેસના આરોપીઓ સામેના તમામ ગુના એક જ ફરિયાદ તથા એક જ ગુનામાંથી ઉપસ્થીત થયેલ છે. સદર ગુનાનું મુખ્ય ચાર્જશીટ સબબ મુખ્ય સેશન્સ કેસ નંબર–૩૨/૨૦૨૨ પડેલ છે જ્યારે પુરવણી ચાર્જશીટ સબબનો સેશન્સ કેસ નંબર–૩૩/૨૦૨૨ તથા સેશન્સ કેસ નંબર–૩૪/૨૦૨૨ પડેલ છે. જેથી સદર ત્રણેય કેસોનો કોમન પુરાવા મુખ્ય સેશન્સ કેસ નંબર–૩૨/૨૦૨૨ ના કામે નોધવામાં આવેલ છે. તમામ કેસનો નિર્ણય કોમન જજમેન્ટથી કરવામાં આવે છે.

(૨).. આ કામના આરોપીઓ વિરૂધ્ધ **ઉનાવા પોલીસ સ્ટેશન પાર્ટ**

**એ ગુ. ૨. નંબર–૧૧૨૦૬૦૭૮૨૧૦૬૨૯ (ઉનાવા ફ. ૨૦/૨૦૨૧) થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૨,, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ** નો ગુનો નોંધાયેલ છે, જે ગુના સબબ આરોપીઓ જામીન મુક્ત છે.

(૩).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના ફરિયાદી તા.૨૩–૦૯–૨૦૨૧ ના રોજ કલાક ૧૪–૩૦ થી ૧૫–૦૦ વાગ્યા દરમ્યાન મોજે કંથરાવી ગામની સીમમાં ભોહરા નામથી ઓળખાતા આંટામાં પોતાના તથા સબંધીઓન બકરા ચરતા હતા તે વખતે આરોપીઓએ સેન્ટ્રો ગાડી નંબર–જી.જે.–૦૨૧૨–પી.–૬૫૭૫ ની લઈ આવેલ અને બકરા પાસે રોડ ઉપર ઉભી રખેલ અને આરોપીઓ પૈકી આરોપી નંબર–૦૧ તથા નંબર–૦૨નાએ ગાડીમાંથી નીચે ઉતરી આરોપીઓ પૈકી નંબર–૦૧નાએ બકરા પાસે જઈ બકરાને પકડતાં ફરિયાદીએ બુમાબુમ કરતાં આરોપીઓ પૈકી આરોપી નંબર–૦૨ ફરિયાદી પાસે આવી ફરિયાદીને પોતાની પાસે આવી ફરિયાદીને પોતાની પાસેની છરી બતાવી બુમ પાડીશ તો તને છરી મારી દઈશ કહી પકડી રાખેલ અને આરોપી નંબર–૦૧નાએ બકરાને ગાડીમાં નાખતાં આરોપી નંબર–૦૨નાએ ફરિયાદીને ધક્કો મારી નીચે પાડી ગાડીમાં બેસી જતાં આરોપીઓ પૈકી આરોપી નંબર–૦૩નાએ ગાડી હંકારી લઈ પળી, બોકરવાડા રોડ થઈ ભાન્ડુ થઈ, મહેસાણા થઈ ગાડી હંકારી ફરિયાદીના બકરા જીવ નંગ–૧, ઉ.વ.–૨ ની કીંમત રૂ.૫,૦૦૦/– ની લુંટ કરેલ તેમજ આરોપી નંબર–૦૪નાને વેચાણ આપેલ જે આરોપી નંબર–૦૪નાએ સદર બકરો લુંટ કરી લાવેલ હોવાનું જાણતા હોવા છતાં ખરીદ કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મે. અધીક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની**

**કલમ–૧૩૫ મુજબ મુજબ**નો શીક્ષાપાત્ર ગુનો કરેલ તે મતલબની ફરિયાદ નોંધાવેલ છે.

(૪).. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આરોપીઓને અટક કરેલ, તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૨, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ**ના ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન ઉંઝાના એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજૂ કરેલ. જ્યાં અનુક્રમે ક્રિમીનલ કેસ નંબર–૨૨૭/૨૦૨૨ તથા ક્રીમીનલ કેસ નંબર–૨૭૭/૨૦૨૨ તથા ક્રિમીનલ કેસ નંબર–૨૯૩/૨૦૨૨ થી કેસો રજિસ્ટર્ડ થયેલ છે. સદરહું કેસ સેશન્સ ટ્રાયબલ હોઈ વિદ્ધાન એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ઉંઝાનાઓએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ મુજબ અત્રેની કોર્ટમાં કમીટ કરી મોકલી આપેલ.

(૫).. આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ કેસ પેપર્સ વંચાણે લઈ આરોપીઓ ઉપર **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૨, ૩૯૬, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ**ના ગુન્હાનું તહોમતનામું **આંક–૧૦**થી ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક–૧૧ થી આંક–૧૬ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફિ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૬).. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાઓ રજુ કરેલા છે.

## // મૌખિક પુરાવો //

| સાહેદ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, પટેલ ઈશ્વરભાઇ મીઠાભાઇની જુબાની. | ૩૨ |
| ૨. | ફરિયાદી, પોપટભાઇ પશારામભાઇ દેવીપુજકની જુબાની. | ૩૫ |
| ૩. | સાહેદ, દીવાનજી શંકરજી ઠાકોરની જુબાની. | ૩૯ |
| ૪. | સાહેદ, વિજયભાઇ ગાંડાભાઇ દેવીપુજકની જુબાની. | ૪૦ |
| ૫. | ગુનામાં વપરાયેલ વાહન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, ઈરફાનભાઇ ઉસ્માનભાઇ ભીસ્તીની જુબાની. | ૬૨ |
| ૬. | મુદ્દામાલ ગાડી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, શેખ અસલમ કાસમભાઇની જુબાની. | ૬૬ |
| ૭. | બકરો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, ઠાકોર ચંદુજી જીતુજીની જુબાની. | ૬૯ |
| ૮. | હે.કો., ચૌધરી શિલ્પાબેન દલજીભાઇની જુબાની. | ૭૧ |
| ૯ | પી.આઇ, ભાવનાબેન બાબુભાઇ ડાભાણીની જુબાની. | ૧૦૦ |

## /// દસ્તાવેજી પુરાવો ///

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૩૩ |
| ૨. | ફરિયાદ. | ૩૬ |
| ૩. | મુદ્દામાલ પહોચ. | ૪૨ |
| ૪. | રવાનગી નોધ. | ૪૩ |
| ૫. | કલમ વધારાનો રીપોર્ટ. | ૪૪ |

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૬. | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ. | ૪૫ |
| ૭. | જાહેરનામું. | ૪૬ |
| ૮. | એફ. ટી. સી. મેસેજ | ૪૭ |
| ૯. | ગુન્હા સબંધે તમામ પો. સ્ટેશને અમલદારોને કરેલ મેસેજ. | ૪૮ |
| ૧૦. | તપાસમાં મદદ મેળવવા પો. ઇ. તા. પો. સ્ટે, પાટણનો રીપોર્ટ. | ૪૯ |
| ૧૧. | બકરો સંભાળવા ઉંઝા પાંજરાપોળને આપેલ રીપોર્ટ. | ૫૦ |
| ૧૨. | આારોપીઓની શરીર સ્થીતીનું પંચનામું. | ૫૧ |
| ૧૩. | આરોપીઓની અટક અંગે સ્ટેશન ડાયરીની નોધ. | ૫૨ |
| ૧૪. | એફ. ટી. પી. મેસેજ. | ૫૩ |
| ૧૫. | આરોપીની તપાસ માટે આપેલ રીપોર્ટ. | ૫૪ |
| ૧૬. | ઉંઝા પાંજરાપોળ બકરાના વાળ મેળવી આપવા કરેલ રીપોર્ટ. | ૫૫ |
| ૧૭. | સ્થળ પરીક્ષણ અહેવાલ. | ૫૬ |
| ૧૮. | સી.ડી.આર. ફોર્મ. | ૫૭ |
| ૧૯. | આરોપીઓની શરીર સ્થીતીનું પંચનામું. | ૫૮ |
| ૨૦. | આરોપી વિપુલજી ગુનાના કામમાં બતાવવા માગતા હોય તે પંચનામુ. | ૫૯ |
| ૨૧. | આરોપીને અટક કર્ય અંગે સ્ટેશન ડાયરીમાં કરેલ નોધ. | ૬૦ |
| ૨૨. | આારોપીની કૉર્ટ કસ્ટડી સંભાળવા બાબતનો રીપોર્ટ. | ૬૧ |
| ૨૩. | | |
| ૨૪. | ગુનામાં વપરાયેલ વાહન કબજે કર્યાનું પંચનામું. | ૬૩ |
| ૨૫. | મુદ્દામાલ ગાડી કબજે કર્યાનું પંચનામું. | ૬૭ |
| ૨૬. | બકરો કબજે કર્યાનું પંચનામું. | ૭૦ |

**<u>મટીરીયલ્સ ઓબ્જેક્ટસ</u>**

| ક્રમ | મટેરીયલ ઓબ્જેક્ટસ | વર્ણન |
|---|---|---|
| ૧. | બકરો. | એક બકરો જીવ નંગ–૦૧. |
| ૨. | ગાડી. | એક હુન્ડાઇ કંપનીની સેન્ટ્રો ગાડી નંબર–જી,જ–૧૨–પી.–૬૫૭૫. |
| ૩. | વળના ટુકડા | સેન્ટ્રો ગાડીમાંથી પાછળના ભાગે સફેદ કલરના વાળાના ટુકડા મળી આવેલ તે શીલબંધ છે.. |

**<u>ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન:–</u>**

(૭).. ફરીયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આપવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વધારાના નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, " અમો તદ્દન નિર્દોષ છીએ. " આ સિવાય અમારે સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી.

**<u>દલીલઃ–</u>**

(૮).. ફરીયાદપક્ષે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીક્યુટર શ્રી જે. બી. રાજપુતનાએ એવી રજુઆત કરેલ છે કે, સદર કામે ફરિયાદી તથા સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. વધુમાં પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે. જેથી આ કામના આરોપીઓને તહોમતનામામાં ફરમાવ્યા મુજબના ગુનામાં દોષીત ઠરાવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૯).. આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી આર. એફ. ઠાકોરનાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ ગુનાના કામે ફરિયાદી કે કોઇ સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ નથી તેમજ આરોપીઓએ ફરિયદીને બકરીની કોઇ લુંટ કરી ચોરી કરેલાની કોઇ હકીકતને સમર્થન મળેલ નથી. વધુમાં કોઇ પંચ સાહેદોના પુરાવાથી પણ પંચનામાની કોઇ હકીકતને સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોના પુરાવા આધારે આ કામના આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોઇ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૦).. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુ દ્દાઓ //**

(૧).. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરિયાદી તા.૨૩–૦૯–૨૦૨૧ ના રોજ કલાક ૧૪–૩૦ થી ૧૫–૦૦ વાગ્યા દરમ્યાન મોજે કંથરાવી ગામની સીમમાં ભોહરા નામથી ઓળખાતા આંટામાં પોતાના તથા સબંધીઓન બકરા ચરતા હતા તે વખતે આરોપીઓએ સેન્ટ્રો ગાડી નંબર–જી.જે.–૦૨૧૨–પી.–૬૫૭૫ ની લઇ આવેલ અને બકરા પાસે રોડ ઉપર ઉભી રખેલ અને આરોપીઓ પૈકી આરોપી નંબર–૦૧ તથા નંબર–૦૨નાએ ગાડીમાંથી નીચે ઉતરી આરોપીઓ પૈકી નંબર–૦૧નાએ બકરા પાસે જઇ બકરાને પકડતાં ફરિયાદીએ બુમાબુમ કરતાં આરોપીઓ પૈકી આરોપી નંબર–૦૨ ફરિયાદી પાસે આવી ફરિયાદીને પોતાની પાસે આવી ફરિયાદીને પોતાની પાસેની છરી બતાવી બુમ પાડીશ તો તને છરી મારી દઇશ કહી પકડી રાખેલ અને આરોપી નંબર–૦૧નાએ બકરાને ગાડીમાં નાખતાં આરોપી નંબર–૦૨નાએ ફરિયાદીને ધક્કો

મારી નીચે પાડી ગાડીમાં બેસી જતાં આરોપીઓ પૈકી આરોપી નંબર–૦૩નાએ ગાડી હંકારી લઈ પળી, બોકરવાડા રોડ થઈ ભાન્ડુ થઈ, મહેસાણા થઈ ગાડી હંકારી ફરિયાદીના બકરા જીવ નંગ–૧, ઉ.વ.–૨ ની કીંમત રૂ.૫,૦૦૦/– ની લુંટ કરેલ તેમજ આરોપી નંબર–૦૪નાને વેચાણ આપેલ જે આરોપી નંબર–૦૪નાએ સદર બકરો લુંટ કરી લાવેલ હોવાનું જાણતા હોવા છતાં ખરીદ કરી તમામ તહોમતદારોએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મે. અધીક જીલ્લ મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૨, ૩૯૬, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ મુજબ**નો શીક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

(૨).. શું હુકમ?

**(૧૨)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧). મુદ્દા નંબર –૦૧ નકારમાં.

(૨). મુદ્દા નંબર –૦૨ આખરી હુકમ મુજબ.

**(૧૩)..** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

<u>**પંચ સાહેદોની જુબાનીઃ–**</u>

(૧૪).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૨થી ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, પટેલ ઈશ્વરભાઈ મીઠાભાઈ (પી.ડબલ્યુ નંબર–૦૧)ને** તપાસસવામાં આવેલા છે. તેમણે તમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૫–૦૯–૨૦૨૧ ના રોજ કલાક ૨૦–૪૫ વાગે તેમના ખેતરમાં કંથરાવી મુકામે હતા અને ત્યાંથી રોડ ઉપર આવતા હતા તે વખતે ઉનાવા પોલીસે તેમને

બોલાવેલ અને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલી. તેમ જણાવી તેમણે **આંક–૩૩**ના ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમની પોતાની પંચ નંબર–૦૨ તરીકેની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદેએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે અને વિદ્વાન એડિ. પી.પી. શ્રી દ્વારા સદર પંચ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને સાબીત કરવામાં ઉપયોગી જણાતી નથી.

(૧૫).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૬૨થી ગુનામાં વપરાયેલ વાહન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, ઈરફાનભાઈ ઉસ્માનભાઈ ભીસ્તી (પી.ડબલ્યુ નંબર–૦૫)ને** તપાસસવામાં આવેલા છે. તેમણે તમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને તા.૨૬–૦૯–૨૦૨૧ ના રોજ કલાક ૧૬–૪૫ વાગે ઉનાવા પોલીસ સ્ટેશન પાસેથી નીકળતા હતા ત્યારે ઉનાવા પોલીસે તેમને બોલાવેલ અને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલી. તેમ જણાવી તેમણે **આંક–૬૩**ના ગુનામાં વપરયેલ વાહન કબજે કર્યાના પંચનામામાં તેમની પોતાની પંચ નંબર–૦૨ તરીકેની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદેએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રી દ્વારા

સદર પંચ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને સાબીત કરવામાં ઉપયોગી જણાતી નથી.

(૧૬).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૬૬થી ગુનામાં વપરાયેલ ગાડી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, શેખ અસલામ કાસમભાઈ (પી.ડબલ્યુ નંબર–૦૬)ને** તપાસસવામાં આવેલા છે. તેમણે તમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૮–૦૯–૨૦૨૧ ના રોજ ઉનાવા પોલીસ સ્ટેશનમાં ઈલેક્ટ્રીક કામ કરવ ગયેલ ત્યારે તેમની એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલી. તેમ જણાવી તેમણે **આંક–૬૭**ના ગુનામાં વપરાયેલ ગાડી કબજે કર્યાના પંચનામામાં તેમની પોતાની પંચ નંબર–૦૧ તરીકેની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદેએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રી દ્વારા સદર પંચ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને સાબીત કરવામાં ઉપયોગી જણાતી નથી.

(૧૭).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૬૯થી બકરો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, ઠાકોર ચંદુજી જીતુજી (પી.ડબલ્યુ નંબર–૦૭)ને** તપાસસવામાં આવેલા છે. તેમણે તમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પરીવાર સાથે ઈલમપુર મહાદેવ મંદીર પાસે રહે છે અને ઉનાવા મુકામે સાર સબંધીને ત્યાં

તા.૨૬–૦૯–૨૦૨૧ ના રોજ બજારમાંથી નીકળતો હતો ત્યારે પોલીસે તેમની એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલી. તેમ જણાવી તેમણે **આંક–૭૦**ના બકરો કબજે કર્યાના પંચનામામાં તેમની પોતાની પંચ નંબર–૦૧ તરીકેની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદેએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રી દ્વારા સદર પંચ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને સાબીત કરવામાં ઉપયોગી જણાતી નથી.

**<u>ફરિયાદીની જુબાનીઃ–</u>**

(૧૮).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૫થી ફરિયાદી, પોપટભઈ પશારામભાઈ દેવીપુજક (પી.ડબલ્યુ નંબર–૦૨)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ મોજે કંથરાવી ગામે રહીએ છીએ અને બકરા ચરાવી ગુજરાન ચલાવે છે, તેમને પંદર બકરાઓ છે. બનાવ તા.૨૩–૦૯–૨૦૨૧ ના રોજ તેઓ સવારે કલાક ૧૦–૦૦ વાગ્યાના સુમારે ઘરેથી બકરાઓ લઈ કુલ–૨૦ બકરાઓ લઈ કંથરાવી થી પડી રોડ ઉપર ચરાવવા જતો હતો ત્યારે એક ગાડી આવેલી જેમાથી બે માણસો ઉતરેલા અને તેમને છરી બતાવી ત્રણ જણા ગાડીમાં બેસી તેમના બકરા લઈ જતા રહેલા. બુમાબુમ કરતા ગામના ઠાકોર દિવાનજી તથા તેમના મામાનો દિકરો વિજય આવેલો અને આ લોકો નાસી ગયેલા. તેઓ ગભરાઈ ગયેલો જેથી સુઈ ગયેલો ત્યારબાદ બે દિવસ પછી તેમણે ફરીયાદ આપેલી. જે ફરિયાદ આ કામે આંક–૩૬ થી રજુ કરેલ છે. ત્યારબાદ

પોલીસ તેમને પોલીસે ક્યારે બોલાવેલ નથી કે કોઈ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૮.૨).. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા ફરિયાદીની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના બકરા બે દિવસ બાદ બાજુના ખેતરમાંથી મળી આવેલ તેમણે શંકાના આધારે ફરિયાદ આપેલ, ફરિયાદ બે દિવસ બાદ આપેલી, પોલીસે આરોપીઓની તેમની પાસે કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.

સદર ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતં જણાઇ આવે છે કે, સદર ફરિયાદીના બકરાની કોઇએ ચોરી કરેલાનું જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં કબુલ રાખેલ હકીકતો જોતાં ફરિયાદીને તેમના બકરા બે દિવસ બાદ બાજુના ખેતરમાંથી મળી આવેલ તેમણે શંકાના આધારે ફરિયાદ આપેલ, ફરિયાદ બે દિવસ બાદ આપેલી, પોલીસે આરોપીઓની તેમની પાસે કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.આમ, ફરિયાદીનો પુરાવો જોતાં આરોપીઓએ ફરિયાદીને ધમરી આપી બકરાની લુંટ વેગેરે કરેલાનું પુરવાર થતું નથી.

<u>સાહેદનો પુરાવોઃ–</u>

(૧૯).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૯થી સાહેદ, દીવાનજી શંકરજી ઠાકોર (પી.ડબલ્યુ નંબર–૦૩)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ કંથરાવી ગામે રહે છે અને ખેતી કરી ગુજરાન ચલાવે છે, તેમના ખેતર ભોહરા આટામાં આવેલ છે. અને પોપટભાઈ દેવીપુજકનુ ખેતર પણ તેમના ખેતરને અડીને આવેલ છે. બનાવ તા.૨૩–૦૯–૨૦૨૧ ના રોજ બપોરના તેઓ તેમના ખેતરમાં હતો ત્યારે લીમડાના જાડ નીચે આરામ કરતો હતો. તે સમયે એક ગાડી આવેલી અને તેમાથી એક પીળા કલરની શર્ટ વાળો માણસ ઉતરેલો. આ લોકો દુર હતા

તેમને તેમણે અને તેમની પત્નીએ જોયેલા. ત્યારબાદ તેમને પોપટભાઈ દેવીપુજકે જણાવેલુ કે તેમના બકરા કોઈ લઈ ગયેલ છે. પરંતુ તે ગાડીવાળો ત્યાથી ગાડી લઈને જતો રહેલો. ત્યારબાદ આ પોપટભાઈએ બકરા ચોરાયા અંગે ફરીયાદ આપેલી. પોલીસ તેમનો જવાબ લીધેલો તેમણે કોઈ વ્યક્તિને બકરા ચોરતા કે ઉપાડતા જોયેલા નથી. તેઓ બનાવ અંગે આથી વિશેષ કાઈ જાણતો નથી.

**(૧૯.૨)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને બનાવ અંગે જાત માહીતી નથી તથા તેમણે બકર ચોરતા કોઇને જોયેલ નથી કે બકરા ઉપડતા કોઇને જોયેલ નથી. ફરિયાદીના બકરી બનાવના બીજા દિવસે બાજુના ખેતરમાંથી મળી આવેલ. ફરિયાદીએ શંકાના આધારે ફરિયાદ આપેલી.

**(૧૯.૩)..** સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાઇ આવે છે કે, ફરિયાદીના બકરા કોઇએ ચોરી કરેલાનું જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં કબુલ રાખેલ હકીકતો જોતાં ફરિયાદીના બકરા બે દિવસ બાદ બાજુના ખેતરમાંથી મળી આવેલ ફરિયાદીએ શંકાના આધારે ફરિયાદ આપેલ, આમ, સદર સાહેદનો પુરાવો જોતાં આરોપીએ ફરિયાદીને ધમકી આપી બકરાની લુંટ વિગેરે કરેલાનું પુરવાર થતું નથી.

**(૨૦)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૦થી સાહેદ, વિજયભાઇ ગાંડાભાઇ દેવીપુજક (પી.ડબલ્યુ નંબર–૦૪)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ કંથરાવી ગામે રહે છે, અને બકરા રાખી ગુજરાન ચલાવે છે, તેમની પત્નીનુ નામ ભારતીબેન છે. અને બાળકોમાં ત્રણ બાળકો છે. બનાવ તા.૨૩–૦૯–૨૦૨૧ ના રોજ બનેલો.બનાવના દિવસે તેઓ આટાવાળા. ખેતરમાં હતા તથા બીજા ખેતરમાં પોપટભાઈ દેવીપુજક

બકરા ચારતા હતા તે વખતે તેમણે દુરથી જોયેલ તો એક ગાડી આવેલી. અને પછી જતી રહેલી ત્યારબાદ પોપટભાઈને પુછતા તેઓએ જણાવેલ કે ગાડીવાળા માંથી એક વ્યકિત નીચે ઉતરી છરી બતાવી ધકકો મારી બકરા ચોરી ગયેલ અને બુમાબુમ કરતા ગાડીવાળો નાશી ગયેલો. તેઓ બકરા ચોરવાવાળાને ઓળખી શકે નહી. આ બાબતે પોપટભાઈએ ફરીયાદ કરતા પોલીસે તેમનું નીવેદન લીધેલું. આથી વિશેષ હુ કાઈ જાણતો નથી.

**(૨૦.૧)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને બનાવ અંગે જાત માહીતી નથી તથા તેમણે બકર ચોરતા કોઇને જોયેલ નથી કે બકરા ઉપડતા કોઇને જોયેલ નથી. ફરિયાદીના બકરી બનાવના બીજા દિવસે બાજુના ખેતરમાંથી મળી આવેલ. ફરિયાદીએ શંકાના આધારે ફરિયાદ આપેલી.

**(૨૦.૨)..** સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાઈ આવે છે કે, ફરિયાદીના બકરા કોઈએ ચોરી કરેલાનું જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં કબુલ રાખેલ હકીકતો જોતાં ફરિયાદીના બકરા બે દિવસ બાદ બાજુના ખેતરમાંથી મળી આવેલ ફરિયાદીએ શંકાના આધારે ફરિયાદ આપેલ, આમ, સદર સાહેદનો પુરાવો જોતાં આરોપીએ ફરિયાદીને ધમકી આપી બકરાની લુંટ વિગેરે કરેલાનું પુરવાર થતું નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ–</u>**

**(૨૧)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૭૧થી હે. કો., ચૌધરી શીલ્પાાબેન દલજીભાઈ (પી.ડબલ્યુ નંબર–૦૮)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે,

તેણી તા.૨૫–૦૯–૨૦૨૧ ના રોજ ઉનાવા પોલીસ સ્ટેશનમં પી. એસ. ઓ. ના ચાર્જમાં હતી ત્યારે સદર કામના ફરિયાદીએ તેમની રૂબરૂ આવી ફરિયાદ જાહેર કરતં તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લખી સ્ટેશન ડાયરીમાં નોધ કરી ડેપ્યુટ હુકમ કરી પો. સ.ઈ. ઉનાવાને આગળની તપાસ સોપેલી. તે સિવાય તેમણે કોઈ કાર્યવાહી કરેલ નથી. ઉલટમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે ફરિયાદ લખી સ્ટેશન ડાયરીમાં નોધ કરી તપાસ કરનાર અમલદારને તપાસ સોપેલ તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૨૨).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૦૦થી પી. આઈ., ભાવનાબેન બાબુભાઈ ડાભાણી (પી.ડબલ્યુ નંબર–૦૯)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ ૨૫–૦૯–૨૦૨૧ ન રોજ ઉનાવા પો.સ્ટેમાં પી.એસ.આઈ.ના ચાર્જમાં હતી સદર કામની તપાસ તેમને મળેલી. તેમને તપાસ મળતા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરેલુ તેમજ ગાડી કબજે કર્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરેલુ. તેમજ આરોપીઓ મળી આવતા તેમના શરીર સ્થીતીના પંચનામા કરેલા અને અટક કરેલા તેમજ મુદદામાલ પરીક્ષણ માટે મોકલેલો. જે પરીક્ષણ રીપોર્ટ આવતા તપાસના કામે સામેલ રાખેલ. તેમજ ઓળખ પરેડનું આયોજન કરેલુ તથા તે અંગે મામલતદાર સાહેબ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલી. આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૨૩).. કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસોમાં આરોપી સામેનો ગુનો સ્પષ્ટપણે અને નિઃશંક રીતે પડેલ

પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબીતીનો ભાર ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે સંપુર્ણ અને સજજડ પુરાવો આપવાનો છે અને આરોપીએ માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઇનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસનું પરીણામ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. નામદાર સુપ્રીમ કૉર્ટે નરેન્દ્ર વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૦૯(૨) ક્રાઇમ્સ પાના નંબર–૪૧૫ ( સુપ્રીમ કૉર્ટ ) ઉપરના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, એક નિર્દોષને ખોટી સજા ન થવી જોઇએ. પરંતુ જજની એ પણ ફરજ છે કે, ગુનો કરનાર વ્યક્તિ સજામાંથી છટકી પણ જવો જોઇએ નહી. પહેલાં સિધ્ધાંત જેટલો અગત્યનો છે તેટલો જ બીજો સિધ્ધાંત પણ અગત્યનો છે. નામદાર સુપ્રીમ કૉર્ટે નીચે મુજબના શબ્દપ્રયોગ કરેલા છે.

...."A judge does not preside over a criminal trial merely to see to see that no innocent man is punished. A Judge also presides to see that a guilty man does not escape.Both are public duties."..

તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કૉર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થાનો પુરાવો છે, તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવા લાયક સાહેદના પુરાવા આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદપક્ષે કોઇ જરૂરી નથી.

**(૨૪)..** સદર કામે રજુ ઉપરોક્ત નોંધેલ ફરિયાદી તથા

સાહેદોનો પુરાવો જોતાં ફરિયાદીના જે બકરાની ચોરી થયેલ તે બકરા ફરિયાદીને બીજા દિવસે મળી ગયેલ છે. વધુમાં ફરિયાદપક્ષે ફરિયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં આરોપીઓએ ફરિયાદીને ધમકી આપી બકરાની લુંટ વિગેરે કરેલાનું કંઇ પુરવાર થતું નથી. વધુમાં ફરિયાદી તથા સહેદોનો પુરાવો જોતાં ફરિયાદીએ શંકા આધારે આરોપીઓ સામે ફરિયાદ આપેલાનું જણાવેલ છે.

(૨૫).. વધુમાં આગળ ચર્ચા કર્યા મુજબ પંચ સાહેદોના કોઇ પુરાવાથી કોઇ મુદ્દામાલ આરોપીઓ પાસેથી પંચનામાની વિગતે કબજે કરેલ હોય કે આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવા કોઇ પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસ કરનાર અમલદારના પુરાવામાં પણ રીકવરી, ડીસકવરી પંચનામા રીફર કરીને તે પુરવાર કરેલ નથી. વધુમં ઓળખ પરેડના પંચ સાહેદે ઓળખ પરેડની કોઇ હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આરોપીઓની ઓળખ પરેડ જે એક્ઝ્યુકીટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ કરવામાં આવેલ તેમને સાહેદ તરીકે તપાસીને તે પુરવાર કરેલલ નથી.

(૨૬).. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદી, સાહેદો કે કોઇ પંચ સાહેદના પુરાવાથી આરોપીઓએ ફરિયાદીને છરી બતાવી ધમકી આપી ફરિયાદીના બકરાની લુંટ કરેલાનું કંઇ પુરવાર થતું નથી. તેમજ આરોપીઓ પાસેથી કોઇ લુંટ કરેલ મુદ્દામાલ ફરિયાદીના બકરા આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ હોય તેવુ કંઇ પંચ સાહેદો કે અન્ય પુરાવાથી લેશમાત્ર સમર્થન મળતું નથી.

(૨૭).. ઉપરોક્ત સંજોગોમાં જેના બકરાની લુંટ થયેલ છે તે ફરિયાદી, સાહેદો કે પંચ સાહેદોના પુરાવાથી આરોપીઓએ ફરિયાદીને છરી બતાવી ધમકી આપી ફરિયાદીના બકરાની લુંટ કર્યાની કોઇ હકીકતને સમર્થન મળતું નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદો તથા તપાસ કરનાર અમલદારના પુરાવા આધારે તથા રજુ દસ્તાવેજી પુરાવા

આધારે આરોપીઓ સામે ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલાનું માની શકાય તેમ નથી.

**(૨૮)..** ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૨, ૩૯૬, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ મુજબ**ના ગુના સબબનું તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય** નકારમાં આપી, **મુદ્દા નંબર–૦૨** પરત્વે નીચે મુજબનો આખરનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૧, **પરબતજી ઉર્ફે પીન્ટુ S/o રણજીતજી રૂપસંગજી ઠાકોર,** ઉ.વ.આ.– ૨૦, રહે.– ઈલમપુર, ૬૦ ઘર ઉંચાળો ઠકોરવાસ, તા.જી.– પાટણ તથા આરોપી નંબર–૦૨, **લાલાજી S/o જગાજી સદાજી ઠાકોર,** ઉ.વ.આ.– ૨૦, રહે.– ઈલમપુર, ૨૦ ઘર, ઠાકોરવાસ, તા.જી.– પાટણ. હાલ રહે.– ઈલમપુર, ગુંચરનો આંટો, ધરમપુરની બાજુમાં, જલાજીના બોર નજીક, તથા આરોપી નંબર–૦૩, **વિપુલજી S/o શિવાજી નાનાજી ઠાકોર,** ઉ.વ.આ.– ૨૪, રહે.– ઈલમપુર, ૨૦ ઘર, ડેરી નજીક, ઠાકોરવાસ, તા.જી.– પાટણ તથા આરોપી નંબર–૦૪, **કમલેશજી S/o ગમાજી ધુળાજી ઠાકોર,** ઉ.વ.આ.– ૩૫, રહે.– ઈલમપુર, ૬૦ ઘર, ઠાકોરવાસ, તા.જી.– પાટણ. તથા આરોપી નંબર–૦૫, **ઠાકોર દશરથજી દેવુજી લાખુજી,** ઉ.વ.આ.– ૩૨, રહે.– ઈલમપુર, ૬૦ ઘર, ડેરીની સામે, ઠાકોરવાસ, તા.જી.– પાટણવાળાઓને,ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) મુજબ, **ઉનાવા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૮૨૧૦૬૨૯ (ઉનાવા ફ. ૨૦/૨૦૨૧) થી ભારતી\ય દંડ સંહિતાની કલમ–**

**૩૯૪, ૩૯૨, ૩૯૬, ૪૧૧, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ**ના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) મુદ્દામાલ વાહન સેન્ટ્રો ગાડી Gj–12–P–6575 તથા બકરા અંગે અંગે અગાઉ પરત કરવા જે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ કાયમ કરવામાં આવે છે..

૩).. બિન કીમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આજરોજ મજકૂર ઠરાવ સામે નામદાર ગુજરાત હોઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર)ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૫) સદર હુકમની એક નકલ સેશન્સ કેસ નંબર–૩૩/૨૦૨૨ તથા સેશન્સ કેસ નંબર–૩૪/૨૦૨૨ ના કામે સામેલ રાખવી.**

હુકમ આજરોજ તારીખ ૧૮મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૮/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

( પ્રવિણભાઇ જોઇતાભાઇ ચૌધરી )
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661

પી.એસ. મહેશ જી. રાવલ.